# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 28-04-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: MONDAY** **National News**

નમસ્કાર,આકાશવાણી,

OPENING SIGNATURE TUNE

સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

**મુખ્ય સમાચાર**

(મ્યુઝિક અંડરપ્લે )

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ વચ્ચેની બેઠકમાં દેશની વર્તમાન સ્થિતિ ચર્ચા.**
2. **પહલગામ આતંકી હુમલા અંગે ખોટી માહિતી ફેલાવવા બદલ ભારતે 16 પાકિસ્તાની યુ-ટ્યૂબ ચેનલ પર પ્રતિબંધ મુક્યો.**
3. **ભારત આજે ફ્રાન્સ સાથે 26 રાફેલ દરિયાઈ લડાકુ વિમાનની ખરીદી માટે સંરક્ષણ સોદા પર હસ્તાક્ષર કરશે.**
4. **રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજે રાષ્ટ્રપતિ ભવન ખાતે નાગરિક સન્માન સમારોહમાં પદ્મ પુરસ્કાર એનાયત કરશે.**
5. **વૈશ્વિક બજારોમાં આવેલી તેજીના પગલે ભારતીય શેરબજારના સેન્સેક્સમાં એક હજાર કરતાં વધુ અંકોનો ઉછાળો.**

---

સમાચારને અંતે

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

(આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# RAJNATH PM MEET

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે નવી દિલ્હીમાં તેમના નિવાસસ્થાને મુલાકાત લીધી. અંદાજે 40 મિનિટ સુધી ચાલેલી આ બેઠક પહલગામ આતંકવાદી હુમલા અને ત્યારબાદની સ્થિતિ અંગે યોજવામાં આવી.

ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ- C.D.S. જનરલ અનિલ ચૌહાણે ગઈકાલે શ્રી રાજનાથ સિંહ સાથે તેમના નિવાસસ્થાને મુલાકાત કરી હતી. તેમજ પહલગામ આતંકી હુમલા બાદ સેના દ્વારા લેવાયેલા નિર્ણયો અંગે ચર્ચા કરી હતી.

# PAK YT CHANNEL BAN

ભારતે પહલગામ આતંકી હુમલાને લઈ ખોટી માહિતી ફેલાવવા બદલ ડૉન ન્યૂઝ, સમા ટીવી, આર્ય ન્યૂઝ અને જિઓ ન્યૂઝ સહિત 16 પાકિસ્તાની યુ-ટ્યૂબ ચેનલ પર પ્રતિબંધ લગાવ્યો છે. સેના અને સુરક્ષા સંસ્થાઓ વિરુદ્ધ ઉશ્કેરણીજનક અને સંવેદનશીલ માહિતી, ખોટા અને ભ્રામક નિવેદન ફેલાવવા બદલ આ યુ-ટ્યૂબ ચેનલો પર પ્રતિબંધ મુકાયો છે. પ્રતિબંધિત ચેનલોના છ કરોડ 30 લાખથી વધુ દર્શક છે.

સરકારે હુમલા અંગે બીબીસીના રિપોર્ટીંગ પર પણ વાંધો ઉઠાવ્યો અને ભારતના બીબીસી પ્રમુખને દેશની ભાવનાઓથી અવગત કરાવ્યા છે. આતંકવાદીઓને ઉગ્રવાદી કહેવા બદલ બીબીસીને ઔપચારિક પત્ર પણ મોકલવામાં આવ્યો છે અને હવે વિદેશ મંત્રાલય દ્વારા બીબીસીના રિપોર્ટીંગ પર નજર રખાશે.

# JK SPECIAL SESSION

જમ્મુ-કાશ્મીર વિધાનસભામાં પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાના 26 મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું. જમ્મુના અમારા સંવાદદાતા જણાવે છે, જમ્મુમાં વિશેષ સત્ર માટે ગૃહની બેઠક શરૂ થતાં અધ્યક્ષ અબ્દુલ રહીમ રાથરે દેશની વિવિધ જગ્યાએથી આવેલા નિર્દોષ પ્રવાસીઓની હત્યાની ટીકા કરી.

નાયબ મુખ્યમંત્રી સુરિન્દર ચૌધરીએ સરકાર તરફથી એક ઠરાવ રજૂ કર્યો, જેમાં પ્રવાસીઓ પર થયેલા અમાનવીય હુમલા અંગે દુઃખ વ્યક્ત કર્યું. 22 એપ્રિલે આતંકવાદીઓએ અનંતનાગ જિલ્લાના પહલગામના ઉપલા ભાગે આવેલા પ્રવાસન સ્થળ બૈસરનમાં ગોળીબાર થતાં 26 લોકોના મોત થયા હતા. આમાંથી મોટા ભાગના લોકો અન્ય રાજ્યમાંથી આવ્યા હતા.

# REV BANGLADESH INDIA PAK

બાંગ્લાદેશે જણાવ્યું છે કે, તે કાશ્મીર મુદ્દે ભારત-પાકિસ્તાન તણાવનાં શાંતિપૂર્ણ સમાધાનનું સમર્થન કરે છે. બાંગ્લાદેશ દક્ષિણ એશિયા ક્ષેત્રમાં સ્થિરતા સુનિશ્ચિત કરવા માટે સંવાદ અને રાજદ્વારીના પક્ષમાં છે. ગઈકાલે ઢાકામાં એક સંવાદદાતા સંમેલનમાં બાંગ્લાદેશની વચગાળાની સરકારના વિદેશ બાબતોના સલાહકાર તૌહિદ હુસૈને કહ્યું, ઢાકા દક્ષિણ એશિયા ક્ષેત્રમાં શાંતિ ઈચ્છે છે. શ્રી હુસૈને કહ્યું, આજે વિશ્વમાં એક ક્ષેત્રમાં થનારા ઘટનાક્રમનું તમામ દેશ પર કેટલીક હદ સુધી અસર જોવા મળે છે.

# DELHI VAY VANDANA CARDS

કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદિપ સિંહ પુરીએ દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાની ઉપસ્થિતીમાં આજે નવી દિલ્હીમાં દિલ્હીવાસીઓ માટે આયુષ્માન વયવંદના કાર્ડનું લોન્ચ કર્યું.

આ યોજના 70 વર્ષ અને તેથી વધુ વયના તમામ વરિષ્ઠ નાગરિકોને પાંચ લાખ રૂપિયાનું આરોગ્ય કવચ પ્રદાન કરે છે. એબી પીએમ-જેએવાય હેઠળ પહેલેથી જ આવરી લેવામાં આવેલા પરિવારોના 70 વર્ષ અને તેથી વધુ ઉંમરના વરિષ્ઠ નાગરિકોને દર વર્ષે પાંચ લાખ રૂપિયા સુધીના વધારાના ટોપ-અપ કવરની જોગવાઇ આ યોજનામાં કરવામાં આવી છે.

નવી રચાયેલી ભાજપ સરકારે તેની 100 દિવસની કાર્ય યોજનામાં જાહેરાત કરી હતી કે તે 30 દિવસની અંદર વીમા યોજના હેઠળ ઓછામાં ઓછા એક લાખ લાભાર્થીઓની નોંધણી કરશે. 29 ઓક્ટોબર, 2024ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 70 વર્ષ અને તેથી વધુ ઉંમરના તમામ વરિષ્ઠ નાગરિકોને સામેલ કરવા માટે આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના વિસ્તરણની જાહેરાત કરી હતી.

# INDO FRANCE RAFALE

ભારત આજે ફ્રાન્સ સાથે 26 રાફેલ દરિયાઈ લડાકુ વિમાનની ખરીદી માટે સંરક્ષણ સોદા પર હસ્તાક્ષર કરશે. સૂત્રોના જણાવ્યા મુજબ, સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંઘ અને ભારતમાં ફ્રાન્સના રાજદૂત હસ્તાક્ષર દરમિયાન બંને પક્ષનું પ્રતિનિધિત્વ કરશે.

26 રાફેલ દરિયાઈ વિમાનમાંથી 22 સિન્ગલ સિટર અને ચાર ડબલ સિટર હશે. આ વિમાનોને ભારતીય નૌકાદળની જરૂરિયાત મુજબ તૈયાર કરાશે. રાફેલ દરિયાઈ વિમાન સામેલ થતા નૌકાદળની શક્તિ ઘણી વધી જશે તેમજ લડાકુ વિમાનને I.N.S. વિક્રમાદિત્ય અને I.N.S. વિક્રાન્ત જેવા વિમાન વાહક જહાજોમાં તહેનાત કરાશે. રાફેલ અદ્યતન હથિયાર પ્રણાલિ અને મિસાઈલથી સજ્જ હશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# REV PREZ PADMA AWARDS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજે રાષ્ટ્રપતિ ભવન ખાતે નાગરિક સન્માન સમારોહમાં પદ્મ પુરસ્કાર એનાયત કરશે. પહેલા તબક્કામાં 71 હસ્તીઓને પદ્મ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી રહ્યા છે. દેશના સર્વોચ્ચ નાગરિક સન્માનોમાં સામેલ પદ્મ પુરસ્કાર ત્રણ શ્રેણી, પદ્મ વિભૂષણ, પદ્મભૂષણ અને પદ્મશ્રીમાં અપાય છે. કળા, સમાજ સેવા, લોકહિત કાર્ય, વિજ્ઞાન અને ટૅક્નોલૉજી, વેપાર અને ઉદ્યોગ, ચિકિત્સા, સાહિત્ય તથા શિક્ષણ, રમતગમત અને લોકસેવા સહિત વિવિધ ક્ષેત્રમાં આ સન્માન અપાય છે.

ઉલ્લેખનીય છે કે, આ વર્ષે પ્રજાસત્તાક દિવસની પૂર્વ સંધ્યાએ સરકારે 139 પદ્મ પુરસ્કારની જાહેરાત કરી હતી, જેમાં સાત પદ્મ વિભૂષણ, 19 પદ્મભૂષણ અને 113 પદ્મશ્રી પુરસ્કાર સામેલ છે. પ્રખ્યાત વાયોલિન વાદક અને સંગીતકાર ડૉક્ટર એલ. સુબ્રમણ્યમ અને ગેસ્ટ્રો-એનટ્રોલૉજિસ્ટ ડી. નાગેશ્વર રેડ્ડીને પદ્મ વિભૂષણ અને પ્રખ્યાત લેખક-સંપાદક તેમજ પ્રસારભારતીના પૂર્વ અધ્યક્ષ એ. સૂર્ય પ્રકાશ, અભિનેતા અનંતનાગ, નન્દમુરીવાલા કૃષ્ણ, એસ. અજિત કુમાર, ભરત નાટ્યમ્ નૃત્યાંગના શોભના ચન્દ્રકુમાર તેમજ ભારતીય હૉકી ટીમના પૂર્વ સુકાની પી. આર. શ્રીજેશ પદ્મભૂષણથી સન્માનિત થનારી હસ્તીઓમાં સામેલ છે.

# IPL CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગ- I.P.L. ટી-20 ક્રિકેટમાં આજે રાજસ્થાન રોયલ્સ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે મૅચ રમાશે. જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમ ખાતે આ મૅચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે. રાજસ્થાન રોયલ્સ સતત પાંચ મૅચ જીતી શકી નથી અને ગત મૅચમાં પણ રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ સામે 11 રનથી હારનો સામનો કરવો પડ્યો હતો.

હાલમાં I.P.L. પૉઈન્ટ ટૅબલમાં નવમા સ્થાને રહેલી રાજસ્થાન રોયલ્સ પાસે હવે આગામી તબક્કામાં આગળ વધવાની સંભાવના ઘણી ઓછી છે. બીજી તરફ, પૂર્વ ચેમ્પિયન ગુજરાત ટાઈટન્સે સિઝનની જોરદાર શરૂઆત કરી છે અને ટીમની નજર સતત ત્રીજી જીત પર છે. ગઈ મૅચમાં ગુજરાતે ચેમ્પિયન કોલકાતા નાઈટ રાઈડર્સને 39 રનથી હરાવ્યું હતું. જ્યારે ગઈકાલે રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુએ અરૂણ જેટલી સ્ટેડિયમમાં યજમાન દિલ્હી કેપિટલ્સને છ વિકેટથી હરાવ્યું હતું.

# CANADA ELECTION

કેનેડામાં આજે મતદાન થશે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની વૈશ્વિક ટેરિફ નીતિઓ અને કેનેડાને 51મું યુએસ રાજ્ય બનાવવાના વિવાદ વચ્ચે યોજાઇ રહેલી આ ચૂંટણીમાં લિબરલ પાર્ટી અને વિપક્ષી કન્ઝર્વેટિવ પાર્ટી વચ્ચે મુકાબલો છે. પ્રધાનમંત્રી માર્ક કાર્ની અને  પિયરે પોઇલીવર પણ ચૂંટણી લડી રહ્યાં છે.

આર્થિક સ્થિરતા, વકરતી જતી રહેઠાણની સમસ્યા અને આબોહવા નીતિના મુદ્દાઓની રાષ્ટ્રીય ચર્ચા વચ્ચે મતદારો મતદાન કરશે.

# CANADA KILLED

કેનેડાના વેન્કુવર ખાતે લાપુ-લાપુ દિવસ ઉત્સવની ઉજવણી દરમિયાન ભીડમાં એક કાર ચડી જતાં 11 લોકોના મોત થયા છે. જ્યારે 12થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયાના અહેવાલ છે. પોલીસે ઘટનાસ્થળે હાજર લોકોની મદદથી શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ કરી છે. તેની સામે અત્યાર સુધી હત્યાના આઠ આરોપ છે. આ શંકાસ્પદ વ્યક્તિ માનસિક રીતે બીમાર હોવાનું પોલીસે જણાવ્યું હતું.

દરમિયાન કેટલાક પીડિતોની હજી સુધી ઓળખ નથી થઈ શકી. વેન્કુવર પોલીસ વિભાગે ગુમ થયેલા સ્વજનોની તપાસ કરતા લોકો માટે ડગલસ પાર્ક સામુદાયિક કેન્દ્રમાં 24 કલાકનું સહાય કેન્દ્ર પણ બનાવ્યું છે.

# WEATHER

હવામાન વિભાગે આજે આસામ, મેઘાલય, અરૂણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મણિપુર, કેરળ, મેઘાલય, ત્રિપુરા અને પશ્ચિમ બંગાળના વિવિધ સ્થળ પર ભારે વરસાદની આગાહી વ્યક્ત કરી છે.

આકાશવાણી સમાચાર સાથે સંવાદ કરતા હવામાન વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક ડૉક્ટર આર. કે. જેનામણિએ કહ્યું, રાજસ્થાન, પંજાબ અને હરિયાણા સિવાય દેશના મોટા ભાગના વિસ્તારમાં તાપમાન સામાન્ય અથવા સામાન્યથી વધુ છે. તેમણે કહ્યું, પહેલી મે-એ રાષ્ટ્રીય રાજધાનીમાં ગાજવીજ સાથે ધૂળની ડમરી ઊડે તેવી શક્યતા છે.

# MARKET

વૈશ્વિક બજારોમાં આવેલી તેજીના પગલે ભારતીય શેરબજાર આજે નવા સપ્તાહના આરંભે ઉછાળા સાથે ખુલ્યા હતા. મોટાભાગના શેરોમાં લેવાલીના પગલે સેન્સેક્સમાં બપોર બાદ  એક હજાર અંક કરતાં વધુ જ્યારે નિફ્ટીમાં ત્રણસો કરતાં વધુ અંકનો ઉછાળો નોંધાયો હતો..